ઊંઝા વિસ્તારમાં પોલીસ તંત્રની નિષ્ક્રિયતાના પગલે અસામાજિકો બેફામ

ઊંઝા, તા. ૨૨

ઊંઝા વિસ્તારમાં પોલીસતંત્રની સરેઆમ નિષ્ક્રિયતાના કારણે મિલ્કત વિરૂદ્ધના તેમજ શરીર સંબંધી ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ વધી જતા લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી ફેલાઈ છે.

ઊંઝા તાલુકાના કહોડા ગામે બસ સ્ટેન્ડ પાસે આવેલ ગજાનંદ કિરણાસ્ટોર નામની કરીયાણાની દુકાનમાં રાત્રીના સમયે તસ્કરો ત્રાટક્યા હતા. તસ્કરોએ આ હોલસેલની દુકાનનું શટરનું તાળુ તોડી અંદર પ્રવેશ કર્યો હતો. બાદ દુકાનમાંથી તેલ, ઘીના ડબ્બા તેમજ અન્ય કરીયાણાની ચીજવસ્તુઓ મળી કુલ ૧,૭૧,૨૧૦ રૂપિયાની કિંમતની મત્તાના માલ સામાનની ઉઠાંતરી કરી હતી.

આ બનાવ અંગે કહોડા ગામના વિવેકકુમાર અમૃતભાઈ પટેલની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે. આ ચોરીમાં ગણવાડા ગામના અજાણ્યા ડફેર કોમના ઈસમોની સંડોવણી હોવાનુ ફરિયાદમાં જણાવ્યું છે. આ ઉપરાંત ઊંઝા ખાતે કેવલેશ્વર મહાદેવ મંદિર પરિસરમાંથી રાત્રીના નવેક વાગે કોઈ તસ્કરો રૂપિયા ૨૦ હજારની કિંમતની મત્તાના એક્ટીવાની ચોરી કરીને ક્યાંક પલાયન થી ગયા હોવાની ફરીયાદ નોંધાયેલ છે.

ધનસુરામાં ઝાડા ઉલ્ટીનો વાવડ

ધનસુરા, તા. ૨૨

ધનસુરામાં શિયાળાના પ્રારંભે વાતાવરણમાં એકાએક પલ્ટો આવતા ગામમાં વાયરલ તાવ સાથે ઝાડા-ઉલ્ટીના કેસ વધવા લાગ્યા છે. ડૉક્ટરોના દવાખાનામાં તાવ, શરદી, ઉદરસ સાથે ઝાડા-ઉલ્ટીના કેસ વધવા લાગ્યા છે.

એલઈડી બલ્બ ધનસુરા જીઈબીમાં આપવાના બંધ કરતા પ્રજામાં ઉગ્ર રોષ

કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારે રાહત ભાવે ગેરંટી સાથે એલઈડી બલ્બ જઈબીમાંથી આપવાની જાહેરાત કરેલ છે. ત્યારે ધનસુરા વિદ્યુત બોર્ડમાં આ બલ્બ આપવાના બંધ કરાતાં લોકો પરેશાન થઈ ગયા છે. ગેરંટી હોવા છતાં બલ્બ ઉડી જાય તો છેક તલોદ બદલાવા જવુ પડે છે. અરવલ્લી જિલ્લાની અન્ય ઓફિસોમાં મળે છે ત્યારે ધનસુરામાં શા માટે બંધ કરવામાં આવેલ છે. આ અંગે જીઈબીના ડે. એન્જિનિયરનો સંપર્ક સાધતાં તેમણે જણાવેલ કે કોન્ટ્રાક્ટર આવતા નથી અમે શુ કરીએ. જો કોન્ટ્રાક્ટર ન આવે તો અન્યને કોન્ટ્રાક્ટ આપી યોગ્ય વ્યવસ્થા કરવાની જરૂર છે.

ધાનેરામાં ગંદકી જ ગંદકી : અર્બન હેલ્થ સેન્ટર પણ ગંદકીમાં ગરકાવ

ધાનેરા નગરપાલિકા દ્વારા તાત્કાલિક ગંદા પાણીનો નિકાલ કરે તેવી લોક માંગ

ધાનેરામાં લોકો ગંદકીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે ત્યારે રહેણાંક વિસ્તારોની સાથે સાથે

ધાનેરાનું અર્બન હેલ્થ સેન્ટર પણ ગંદકીમાં ગરકાવ જોવા મળી રહ્યું છે ત્યારે આ બાબતે ધાનેરા પાલિકાને જાણ કરતા પાલિકાનું તંત્ર દોડતું થયું હતું અને તાત્કાલિક દવા છંટકાવની કામગીરીએ લાગ્યું હતું.

સમગ્ર ગુજરાત ડેન્ગ્યુ જેવા ભયાનક રોગ ના ભરડામાં આવ્યું છે અને આ રોગ ને લઈ ગુજરાત કેટલાય લોકો ના મોત પણ નિપજ્યા છે ત્યારે આજે ધાનેરા ના લોકો પણ ભયાનક બીમાર થી ભયભીત થયા છે કારણ કે ધાનેરા માં ઠેર ઠેર ગંદકી જોવા મળી રહી છે ગંદકી ને લઈ લોકો ધ્વરા ધાનેરા ના સ્થાનિક તંત્ર ને રજૂઆત પણ કરવામાં આવી રહી છે છતાં પણ ગંદકી દૂર ન થતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ધાનેરા નેનવા રોડ પાર આવેલો વાળો આજે પણ ગંદા પાણી થી ભરેલો જોવા મળી રહ્યો છે અને આ વાળા ની આજુબાજુ ૧૦૦ થી વધુ ઘરો પણ આવેલા છે ગંદા પાણી અને ગંદકી ને લઈ લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે અને લોકો બીમારી થી પણ પીડાઈ રહ્યા છે ત્યારે આજે આ લોકો ધ્વરા અમારી ન્યુઝ ટિમ ને રજૂઆત કરતા અમારી ન્યુઝ ટિમ તેમની પાસે જઈ

તેમની વેદના સાંભળી હતી અને અમારી ન્યુઝ ટિમ ધ્વરા ધાનેરા નગરપાલિકા માં રજુઆત કરતા નગરપાલિકા પ્રમુખે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી અને દવાના છંટકાવ માટે પાલિકા કર્મચારીઓ ને આદેશ આપી દવાનો છંટકાવ ચાલુ કર્યો હતો ધાનેરા ના રહેણાક વિસ્તારો ની સાથે સાથે ધાનેરા નું અર્બન હેલ્થ સેન્ટર પણ ગંદકીમાં ગરકાવ જોવા મળી રહ્યું છે ધાનેરા ના લોકો તો ગંદકી થી બીમાર થયા પણ અર્બન હેલ્થ સેન્ટર માં કામ કરતા કર્મચારીઓ પણ આ બીમારી નો ભોગ બને તો કોઈ નવાઈ ની વાત ન કહેવાય... માટે ધાનેરા નગર પાલિકા ધ્વરા તાત્કાલિક આ ગંદા પાણી નો નોકલ કરે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

ડીસાના નગરજનોનો એક જ સુર 'ઓવરબ્રીજ નહી તો મત નહી..!'

શહેરના અગ્રગણ્ય નાગરીકો અને સંસ્થાઓની બેઠકમાં ઓવરબ્રીજના મુદ્દે ચૂંટણી બહિષ્કારની ચિમકી

ડીસા, તા. ૨૨

ડીસામાંથી પસાર થતા નેશનલ હાઈવે ઉપર ટ્રાફીક સમસ્યાના કાયમી નિવારણ રૂપે ઓવર બ્રીજની શહેરીજનો દ્વારા છેલ્લા અનેક વર્ષોથી માંગ થઈ રહી છે. પરંતુ તેનો કોઈ ઉકેલ સાધાયો

નથી. પરીણામે શહેરીજનોમાં ભારે નારાજગી જાવા મળી રહી છે. ત્યારે ગઈકાલે આ મુદ્દે શહેરના અગ્રગણ્ય નાગરીકો અને વિવિધ સંસ્થાઓ દ્વારા બેઠક મળી હતી. જેમાં પિલ્લર ઉપરનો ફ્લાય ઓવર બ્રીજ નહી બને તો મતદાન ન કરવાના શપથ લેવામાં આવ્યા હતા. અને શુક્રવારે સમગ્ર શહેરીજનો દ્વારા મૌન રેલી કાઢી પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી શહેરની બજારો સ્વંભુ બંધ રાખવાનો નિર્ણય કર્યો હતો.

બનાસકાંઠા જિલ્લાના મુખ્ય વેપારી મથક અને મેડીકલ હબ ગણાતા ડીસા શહેરના મધ્યમાંથી પાલનપુર - કંડલા નેશનલ હાઈવે પસાર થાય છે. એક તરફ ડીસા શહેરનો વાહન વ્યવહાર તેમજ હાઈવે પરથી પસાર થતાં વાહનોના કારણે દિન - પ્રતિદિન ટ્રાફીકની સમસ્યા વધુને વધુ જટીલ બની રહી છે. જાકે હાઈવે પરની ટ્રાફીક સમસ્યાને નિવારવા વર્ષોથી શહેરીજનો ઓવર બ્રીજની માંગ કરી રહ્યા છે. પરંતુ કોઈને કોઈ કારણોસર આ મુદ્દે આજદિન સુધી કોઈ નિર્ણય લેવાયો નથી. ટ્રાફિકની શિરદર્દ સમસ્યા અને અવાર - નવાર સર્જાતા અકસ્માતોને લઈ શહેરના નાગરીકો ખુબજ પરેશાન થવાની સાથે હાઈવે ઉપરથી પસાર થવામાં ભય અનુભવે છે. વારંવાર આ બાબતે રજુઆતો કરવા છતાં કોઈ ઉકેલ ન આવતાં શહેરના નાગરીકો દ્વારા ગઈકાલે એક બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં ડીસા શહેર ફ્લાય ઓવર બ્રીજ સંઘર્ષ સમિતિની રચના કરવામાં આવી હતી. આ બેઠકમાં શહેરની વિવિધ સંસ્થાઓ, ટ્રસ્ટો, એસોસીએશનો તથા અગ્રગણ્ય નાગરીકો ઉપસ્થિત રહ્યા હતા. અને હાઈવે ઉપર પિલ્લર સાથેનો ફ્લાયઓવર બ્રીજ બનાવવા સર્વ સમંતિ સધાઈ હતી. જેમાં "ફ્લાય ઓવર બ્રીજ નહી તો મત નહી" સુત્ર સાથે જા ઓવર બ્રીજ મુદ્દે સત્વરે યોગ્ય નિર્ણય નહી લેવાય તો ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચિમકી ઉચ્ચારી હતી. આ બેઠકમાં શુક્રવારે સવારે દશ કલાકે સમગ્ર શહેરીજનો દ્વારા ગાંધીજીની પ્રતિમા પાસે એકઠા થઈ મૌન રેલી સ્વરૂપે એસ.ડી.એમ. કચેરી ખાતે જઈ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવા નિર્ણય કરાયો હતો.

ડીસા શહેરના હાઈવે વિસ્તારમાં શિરદર્દરૂપ ટ્રાફીક સમસ્યા અંગે વારંવાર અખબારોમાં અહેવાલ પ્રસિધ્ધ થયા છે. અને ઓવર બ્રીજની પણ માંગ કરાઈ છે. જેની જાગૃતીના ફળ સ્વરૂપે આજે શહેરની સંસ્થાઓ સહિત નાગરીકો એક મંચ ઉપર આવ્યા છે. અને ફ્લાયર ઓવર બ્રીજના મુદ્દે લડત લડી લેવાના મુડમાં જણાય છે.

અરવલ્લી જિલ્લામાં નાસતા ફરતા આરોપીઓ પકડવામાં પોલીસને સફળતા

અરવલ્લી, તા. ૨૨

અરવલ્લી જિલ્લાનાઓની સુચના મુજબ અરવલ્લી જિલ્લામાં શાંતિ અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ ગુન્હાઓમાં નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવાની કામગીરી કરવા સુચના આપવામાં

આવેલ. જે સૂચનાનો સખતાઈથી અમલ કરતા પી.ડી. દરજી પોલીસ ઈન્સ્પેક્ટર, એસ.ઓ.જી. નાઓની રાહબરી હેઠળ અ.પો.કો. ઈન્દ્રસિંહ મહેન્દ્રસિંહ, એ.એસ.આઈ. મોહનસિંહ પુજેસિંહ તથા સ્ટાફ દ્વારા જરૂરી બાતમીદારો દ્વારા મેઘરજ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૨૪/૧૭ ઈ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૩૭, ૩૩૨, ૩૨૩, ૧૮૬, ૨૯૪(ખ) પબ્લીક પ્રોપર્ટી ડેમેજ એક્ટ કલમ ૩ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫ મુજબના કામે છેલ્લા છ એક માસ અગાઉ મુસ્લીમ કોમની છોકરીને હિન્દુ કોમનો છોકરો ભગાડી લઈ ગયેલ જે બાબતે મુસ્લીમ કોમના કેટલાક ઈસમોએ પોલીસ સ્ટેશને આવી તોફાન કરેલ હોય જેથી તેઓ તમામ વિરૂદ્ધ મેઘરજ પોલીસ સ્ટેશને ઉપરોક્ત ગુન્હો દાખલ કરવામાં આવેલ જે પૈકી કેટલાક આરોપીઓ પકડાયેલ અને બીજા આરોપીઓ પોલીસ પકડથી દૂર ભાગતા હોય તે પૈકી મોહસીન ઈકબાલભાઈ બંગા, સરફરાજ ઉર્ફે સોહીલ ઈકબાલભાઈ પટેલ, જમાલ સદ્દીકભાઈ પટેલ તમામ રહે. મેઘરજ, તા. મેઘરજ, જી. અરવલ્લીનાઓને મોડાસા મેઘરજ બાયપાસ ચોકડી પેલેટ હોટલ પાસેથી તા. ૨૧-૧૧-૧૭ના ૭.૩૦ વાગે પકડી અટકાયત કરવામાં આવેલ છે અને આગળની વધુ સઘન તપાસ માટે મેઘરજ પો.સ્ટે.ને સુપ્રત કરવામાં આવેલ છે.

દુઃખદ અવસાન

ધનસુરા, તા. ૨૨

ધનસુરા ગોકુલનાથજી મંદિરના પ્રમુખ, કેળવણી મંડળના મંત્રી અગ્રણી યુવા વેપારી પિયુષભાઈ પિત્તાંબરદાસ શાહનું દુઃખદ અવસાન થયું છે. સ્વર્ગસ્થની સ્મશાનયાત્રામાં વિશાળ સમુદાય જોડાયો હતો. શૈક્ષણિક સંસ્થાઓમાં તેમના માનમાં બંધ રાખવામાં આવેલ, બેસણું ૨૪મીને શુક્રવારના રોજ બપોરે ૧ થી ૪ હાઈસ્કૂલના હોલ ખાતે રાખેલ છે.

ડીસા શહેરી વિસ્તારમાં મતદાર જાગૃતિ અભિયાન પગપાળા રેલી યોજાઈ

તા. ૨૧-૧૧-૨૦૧૭ના રોજ ડીસા ખાતે ડીસા શહેરી વિસ્તારના લોકોને મતદાન અંગે અવરનેશ લાવવા માટે સરદારબાગ ખાતેથી પગપાળા રેલીનું તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી જાગૃતિબેન દેસાઈ, જે.ડી. ચૌધરી, માહિતી અને પ્રસારણ કાર્યાલય પાલનપુર અને સી.એમ. દરજી નાયબ તાલુકા વિકાસ અધિકારી, ડીસાએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. જેમાં શહેરી વિસ્તારના શિક્ષક ભાઈઓ બહેનો, સીઆરસીઓ ડીસા આઈસીડીએસ વિભાગના કર્મચારીઓ બહોળી સંખ્યામાં જોડાઈ ઉત્સાહપૂર્વક સુત્રોચ્ચાર કરતા કરતા લોકોને મતદાન અંગે જાગૃત કરવા વિશેષ પ્રયત્નો કર્યા હતા. સ્લોગન પટ્ટીઓ, બેનર્સ દ્વારા રેલીએ શહેરી વિસ્તારમાં આકર્ષણ જમાવ્યુ હતુ. પગપાળા રેલીના અંતે સરદારબાગ ખાતે પ્રવીણભાઈ સાધુએ તમામ કર્મચારીઓ, નાગરીકોને મતદાન કરવા અંગેના સંકલ્પ જે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા પ્રસારીત કરેલા સંકલ્પ લેવડાવ્યા હતા.

સાબરકાંઠામાં ચૂંટણી ખર્ચ પર દેખરેખ અને નિયંત્રણ માટે બે નિરીક્ષક નિમાયા

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાની ૪ વિધાનસભા બેઠકની ચૂંટણી આગામી તા. ૧૪ ડિસેમ્બરના રોજ યોજાનાર છે ત્યારે કેન્દ્રીય અને રાજ્ય ચૂંટણીપંચ દ્વારા સાબરકાંઠા જિલ્લામાં ચૂંટણી લડવા ઉમેદવારોના ખર્ચ પર દેખરેખ અને નિયંત્રણ રાખવા માટે બે ચૂંટણી ખર્ચ નિરીક્ષકોની નિમણૂંક કરવામાં આવી છે. જેથી આ બન્ને નિરીક્ષકોએ મંગળવારે જિલ્લા ચૂંટણી અધિકારી સાથે બેઠક યોજી સમીક્ષા કરી હતી.

આ અંગે જિલ્લા ચૂંટણી અધિકારીના સૂત્રોમાંથી જણાવાયા મુજબ જિલ્લાની ચારેય બેઠકો પર ભયમુક્ત, શાંતિપૂર્ણ અને પારદર્શક ચૂંટણી પ્રક્રિયા માટે ઉભી કરાયેલી તમામ વ્યવસ્થાની દેખરેખ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા રાખવામાં આવે છે. જે અંતર્ગત હિંમતનગર અને પ્રાંતિજ વિધાનસભા બેઠકના ચૂંટણી નિરીક્ષક તરીકે મુદ્દીતકુમાર અને ઈડર તથા ખેડબ્રહ્મા બેઠક માટે ચૂંટણી ખર્ચ નિરીક્ષક તરીકે આકાશ શંકર ચૌગલેની નિમણૂંક કરાઈ છે. જેથી આ બન્ને નિરીક્ષકોએ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પી. સ્વરૂપ સાથે બેઠક કરી હતી. ઉપરાંત તેમણે માહિતી કચેરીમાં આવેલ મીડીયા સેન્ટરની મુલાકાત લઈને સંતોષ વ્યક્ત કર્યો હતો. ઉપરાંત આ બન્ને નિરીક્ષકોએ ચૂંટણીલક્ષી કામગીરી કરતા વહીવટીતંત્રના કર્મચારીઓ સાથે બેઠક યોજી ચર્ચા વિચારણા કરીને માર્ગદર્શન આપ્યું હતું.

ડેડીયાપાડા બેઠકના ટ્રાયબલ પાર્ટીના મહેશભાઈ વસાવાનું ફોર્મ સ્થગિત

ગુજરાતમાં વિધાનસભાની પ્રથમ તબક્કાની ચૂંટણી માટે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ મંગળવારે હતી. ત્યાર બાદ બુધવારે આ ફોર્મની ચકાસણી ચાલી રહી છે. એમાં પણ વિવિધ વિખવાદો સામે આવી રહ્યાં છે. ૧૪૯ ડેડીયાપાડા વિધાનસભાની ફોર્મ ચકાસણીમાં ભારતીય ટ્રાયબલ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ મહેશભાઈ વસાવાની ઉમેદવારી સામે વાંધો લેવામાં આવ્યો છે. ચૂંટણી અધિકારીએ તેમનું ફોર્મ સ્થગિત કર્યું છે અને આ અંગે ગુરૂવારે નિર્ણય લેવાશે. કોંગ્રેસ અને ભારતીય ટ્રાયબલ પાર્ટીના ગઠબંધનથી નારાજ થઈને અપક્ષ ઉમેદવારી નોંધાવનાર માજી ધારાસભ્ય અમરસિંહ વસાવા અને રાકેશ વસાવાએ આ વાંધો ઉઠાવ્યો હતો. વર્ષ ૨૦૧૪માં અંકલેશ્વર એડિશનલ સેસન્સ કોર્ટે મહેશભાઈ છોટુભાઈ વસાવાને ત્રણ વર્ષની સાદી કેદ અને ૧૦૦૦નો દંડ ફટકાર્યો હતો. અમરસિંહ વસાવાના વાંધા મુજબ જે વ્યક્તિને કોર્ટે સજા ફટકારી હોય તે વ્યક્તિ ઉમેદવારી ના કરી શકે. ચૂંટણી અધિકારીએ વાંધો મળતા હાલ ફોર્મ સ્થગિત કર્યું છે અને ગુરૂવારે ૧૧ કલાકે આ મામલાની વિસ્તૃત સુનાવણી રાખવામાં આવી છે. અમરસિંહ વસાવાએ મીડિયા સામે રાહુલ ગાંધી પર પ્રહારો પણ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી ટીપુ સુલતાનને મહાન ગણે છે.

એબીલીટી ઓન વ્હીલ્સ, સૌ પ્રથમવાર વ્હિલચેર ઉપલબ્ધ હોય તેવી ટેક્સી

ગુજરાત રાજ્યમાં સૌ પ્રથમવાર હરવા ફરવાની તકલીફ અનુભવતી વ્યક્તિઓ આસાનીથી અને આરામથી પ્રવાસ કરી શકે તેવી આશા ઉભી થઈ છે. હરીશકુમાર અને દેબાંશુ બેનર્જી દ્વારા સ્થપાયેલ એબીલીટી ઓન વ્હીલ્સ દ્વારા શહેરની મેડોરા ટ્રાવેલ સર્વિસીસ સાથે ખાસ મોડીફાઈડ કરાયેલી કાર ભાડેથી ઉપલબ્ધ કરવા વ્યૂહાત્મક કરાર કરવામાં આવ્યો છે. આ પ્રયાસ હાલમાં પાયલોટ તબક્કે છે અને તેનો ઉદ્દેશ પ્રવાસન શક્ય બનાવવા પ્રોત્સાહિત કરવાનો છે અને તે 'એસેસેબલ ઈન્ડિયા' કેમ્પેઈનનો હિસ્સો બની રહેશે. આ પ્રોજેક્ટ ગુજરાત સરકારની 'સ્ટાર્ટઅપ ગુજરાત' યોજના હેઠળ શરૂ કરાયો છે અને તેને આ યોજના હેઠળ સંપૂર્ણ ભંડોળ પૂરૂ પાડવામાં આવશે. એલ જે નોલેજ ફાઉન્ડેશન તેની નોડલ એજન્સી છે.

આ યોજનામાં વ્હીલચેરનો ઉપયોગ કરનાર, વૃધ્ધ અને વિવિધ શારીરિક ક્ષતિ ધરાવતા લોકો તથા આર્થરાઈટીસની ભારે અસરને કારણે દર્દ થતાં હેરફેરમાં મુશ્કેલી અનુભવતા લોકોને ધ્યાનમાં રખાયા છે. એબીલીટી ઓન વ્હીલ્સના કન્સેપ્ટ દ્વારા શારીરિક મુશ્કેલી ધરાવતા (PwDs) વ્યક્તિઓને અનોખી મોબિલીટી સર્વિસ અને સોલ્યુશન્સ પૂરાં પાડવામાં આવશે. આ સર્વિસ ફક્ત એપ-કેબ સર્વિસ નથી. ૯૪૨૯૬૩૩૮૫૯ નંબર પર ફોન કરીને કાર બુક કરી શકાશે.

એબીલીટી ઓન વ્હીલ્સના સ્થાપક હરીશકુમાર જણાવે છે કે "અમે એક મોડીફાઈડ રેનોલ્ટ લોજી દ્વારા પાયલોટ તબક્કાનો પ્રારંભ કર્યો છે. જેમ માંગ વધતી જશે તેમ અમે ક્રમશઃ અમારા કાફલામાં વૃધ્ધિ કરીશું. વ્હીલચેર ઉપલબ્ધ હોય તેવા વાહનને કારણે વ્હીલચેરમાંથી કારની સીટમાં તબદીલ થવાની જરૂર રહેશે નહીં.

એરિસ લાઈફ સાયન્સિસે સ્ટ્રાઈડ્સ શાસુનનો ભારતીય બ્રાન્ડ બિઝનેસ હસ્તગત કર્યો

સ્ટ્રાઈડ્સ શાસુન લિમિટેડ (સ્ટ્રાઈડ્સ) અને એરિસ લાઈફસાયન્સિસ લિમિટેડે (એરિસ) આજે સ્ટ્રાઈડ્સ ઈન્ડિયાનાં બ્રાન્ડેડ જેનેરિક્સ બિઝનેસને રૂ. ૫૦૦ કરોડમાં એરિસને વેચાણ કરવા સમજૂતી કરવાની જાહેરાત કરી હતી. આ વ્યવહાર પરંપરાગત ક્લોઝિંગ શરતોને આધિન છે અને બંને પક્ષો ૩૦ નવેમ્બર, ૨૦૧૭ સુધીમાં આ વ્યવહાર પૂર્ણ કરવાનો ઈરાદો ધરાવે છે.

સ્ટ્રાઈડ્સ ઈન્ડિયાનો બ્રાન્ડેડ જેનેરિક્સ બિઝનેસ ન્યૂરોલોજી, સાઈકિયાટ્રી, ન્યૂટ્રાસ્યુટિકલ્સ, ગેસ્ટ્રો વગેરે ૧૩૦થી વધારે બ્રાન્ડનો પોર્ટફોલિયો ધરાવે છે, જેમાં કર્મચારીઓ વ્યવસાયનો ભાગ છે. આ સમજૂતીનાં ભાગરૂપે એરિસ ભારતમાં કથિત પોર્ટફોલિયો પ્રોડક્ટ્સ માટે માર્કેટિંગ અને વિતરણનાં અધિકારો હસ્તગત કરશે તથા સ્ટ્રાઈડ્સ આ ઉત્પાદનો માટે વૈશ્વિક અધિકારો જાળવશે.

આ હસ્તાંતરણ એરિસનું છેલ્લાં ૧૮ મહિનામાં ચોથું અને સૌથી મોટું હસ્તાંતરણ છે, જેનાં પરિણામે કંપની સેન્ટ્રલ નર્વસ સિસ્ટમ (સીએનએસ) સેગમેન્ટમાં ટોચની ૧૦ કંપનીઓમાં સ્થાન મેળવશે. એરિસ કાર્ડિયોલોજી સેગમેન્ટમાં ટોચની ૨૦ કંપનીઓમાં સામેલ છે અને ડાયાબિટોલોજી સેગમેન્ટમાં ટોચની ૧૦ કંપનીઓમાં સ્થાન ધરાવે છે. વર્ષ ૨૦૦૭માં કંપનીની રચના થઈ ત્યારથી એરિસે કાર્ડિયોલોજી અને ડાયાબિટોલોજીમાં "ક્રોનિક સેગમેન્ટ" પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. એરિસે તાજેતરમાં જ સીએનએસ સેગમેન્ટમાં પ્રવેશ કર્યો હતો. આ એક્વિઝિશનથી ક્રોનિક સેગમેન્ટમાં ટોચની ત્રણ કંપનીઓમાં એરિસની સ્થિતિ મજબૂત થશે.

લાયન્સ કલબ ઈન્ટર નેશનલનો ધાનેરા ખાતે લાયન્સ ક્લબ દ્વારા ડાયબિટીસનો માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

લાયન્સ ક્લબ ઈન્ટર નેશનલ દ્વારા લાયન્સ ક્લબ ધાનેરા એ ડી.બી.પારેખ હાઈસ્કુલ ખાતે ડાયબિટીસ માટે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો.

લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ દ્વારા એક જ સમયે દરેક જગ્યા પર લાયન્સ ક્લબ દ્વારા ઠેર ઠેર સ્થળો પર ડાયબિટીસ નિદાન કાર્યક્રમ યોજાયો હતો જેમાં ૧૫૦૦ થી ૨૦૦૦ વિદ્યાર્થીઓ હાજર રયા હતા.

આ પ્રસંગે રમેશભાઈ ડી ઠકકર મગનભાઈ આકોલીયા મુગટલાલ જોષી ડો.ખંડેલવાલ એસ એસ સોલંકી ગોવિંદભાઈ પટેલ ડો.દિગ્ગ્વીજયસિહ દવે બાળકોને માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે મોટી સંખ્યામાં વિદ્યાર્થી ઓ અને પત્રકારો ઉપસ્થિત રહી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

આસ-'પાસ'

● અનુસંધાન પહેલાનું ચાલુ

નથી પરંતુ કોંગ્રેસના લોકો માટે કામ કરી રહ્યા છે. ભાજપે હમેશા પાટીદાર સમાજની સાથે ખરાબ વર્તન કર્યું છે. તેને કોંગ્રેસના એજન્ટ તરીકે ગણાવ્યો છે. પાટીદાર સમાજના અધિકારો માટે લડવાની બાબત અમારો અધિકાર છે. પાસના લોકોને ચૂંટણી લડવા માટે પણ પૈસાની ઓફર કરાઈ હતી. ભાજપે વોટ વિભાજિત કરવા માટે ૨૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરીને અપક્ષોને ઉતાર્યા છે. ભાજપે પાટીદારોના મતને વિભાજિત કરવાના પ્રયાસમાં છે પરંતુ ભાજપ ચૂંટણી હારી ચુકી છે. હાર્દિકે દાવો કરતા કહ્યુ હતુ કે અમારા લોકોને ખરીદવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ભાજપ હારને લઈને ભયભીત છે. અન્યાય સામે લડવાની બાબત સૌથી મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યુ હતુ કે અમે ક્યારેય કોઈને કોંગ્રેસ પાર્ટીને મત આપવા માટે કહ્યુ નથી. પરંતુ તેઓ અમારા અધિકારની વાત કરી રહ્યા છે. જેથી લોકો પોતાની રીતે નિર્ણય લઈ શકે છે. તેમણે કહ્યુ હતુ કે પાસની અંદર ટિકિટની ફાળવણીને લઈને કોઈ વિવાદ નથી. હાર્દિકે જાહેરાત કરી હતી કે કોંગ્રેસ પાર્ટીએ અનામતની વાત સ્વીકારી છે. સત્તામાં આવ્યા બાદ ગુજરાત વિધાનસભામાં બિલ લાવવામાં આવશે. હાર્દિક પટેલે એમ પણ કહ્યું હોવાનું જાણવા મળ્યું છે કે, પારીદાર અનામત આંદોલનને સમેટી લેવા માટે ૧૨૦૦ કરોડ રૂપિયાની ઓફર કરવામાં આવી હતી. આ ઓફર જ્યારે તે જેલમાં હતો ત્યારે કરવામાં આવી હતી.

હા, સાહેબ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તો પ્રજાને દેખાય... એમાં જાદુગરની ક્યાં જરૂર છે..?!"

"ભલા માણસ..! જાદુગર તો માધ્યમ છે..! મૂળ વાત છે વિકાસનો સંદેશ પહોંચાડવાનું માધ્યમ છે જાદુગર..!"

"અચ્છા..! વિકાસનો સંદેશ પહોંચાડવા તમારે માધ્યમોની જરૂર પડે છે..?! જે વિકાસ સીધો પ્રજાને સ્પર્શ ના કરાવે એ વિકાસ શા કામનો..?!"

"તમે આખી ગાડી અવળે પાટે લઈ જાવ છો ભાઈ..!!, વિરોધ પક્ષોનું આજ કામ છે..! મુળ મુદ્દો ભટકાવી સમાજને ગેરમાર્ગે દોરવાનો અને ભુલો શોધવાનો..!!, પણ યાદ રાખજો હોં..! પ્રજા બધું જ સમજે છે..! બધું જ જાણે છે..! એટલે જવાબ પણ આપશે..!"

"હા...હા..! જવાબ આપશે..! અમે પણ આપીશુ... તમે પણ આપજો 'મત'..!!"

- નિમિત્ત માત્ર